# ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ–૧૪૪ મુજબનું જાહેરનામું.

ક્રમાંક : એમએજી/વશી- ૨૫૭૫થી ૨૫૭૯ /૨૦૨૧ તા.૨૩/૦૬/૨૦૨૧

પ્રતિ,

ડાંગ જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમ્યાન ભારે થી અતિભારે વરસાદની પરિસ્થિતિને ધાને લઈ મોટી નદીઓ, તળાવો, ચેકડેમો, નાળા તેમજ જિલ્લામાં આવેલ નાના-મોટા ધોધ વગેરેમાં માછલા પકડવા, કપડા ધોવા, ન્હાવા માટે મોટી સંખ્યામાં લોકો જાય છે. તથા ડાંગ જિલ્લામાં આવતા સહેલાણીઓ ગમે તે સ્થળ પર ઉભા રહીને મોબાઇલમાં ફોટા તેમજ સેલ્ફી લેવા જાય છે અને વહેતા પાણીનાં વહેણમાં વહી જઈ મૃત્યુ થવાની ઘણી સંભાવનાઓ રહેલ છે. જેથી આ બધી પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ મુકવું અતિ આવશ્યક જણાતું હોય ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ કાર્યવાહી કરવા મારો અભિપ્રાય થાય છે.

તેથી હું ટી.કે.ડામોર (જી.એ.એસ) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ-આહવા ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ ડાંગ જિલ્લામાં જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમ્યાન ભારે થી અતિભારે વરસાદની પરિસ્થિતિને ધાને લઈ મોટી નદીઓ, તળાવો, ચેકડેમો, નાળા તેમજ જિલ્લામાં આવેલ નાના-મોટા ધોધ વગેરેમાં માછલા પકડવા, કપડા ધોવા, ન્હાવા માટે મોટી સંખ્યામાં લોકો જાય છે. તથા ડાંગ જિલ્લામાં આવતા સહેલાણીઓ ગમે તે સ્થળ પર ઉભા રહીને મોબાઇલમાં ફોટા તેમજ સેલ્ફી લેવા પર પ્રતિબંધ મુકવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજન શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ડાંગ જિલ્લાનાં સાપુતારા ગીરીનગર નોટીફાઇડ એરીયા સહિત સમગ્ર ડાંગ જિલ્લાનાં મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

આજ રોજ તા.૨૨/૦૬/૨૦૨૧ નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

(ટી.કે.ડામોર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ–આહવા

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
सत्यमेव जयते
ડાંગ-આહવા

**પ્રતિ,**

મેનેજરશ્રી,

સરકારી છાપકામ અને લેખન સામગ્રી,

વડોદરા.

૨/– ઉપરોકત જાહેરનામું આવતા રાજયપત્રકમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે તાકીદે મોકલવા વિનંતી છે.

<u>નકલ સવિનય રવાના : –</u>

૧. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ-આહવા તરફ: જાણ સારૂ.

૨. નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ,બ્લોક નં.૨,સરદાર ભવન, સચિવાલય,ગાંધીનગર.

૩. અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (કાયદો અને વ્યવસ્થા) ગુજરાત રાજયલ ગાંધીનગર તરફ.

૪. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સુરત, રેન્જ જી.સુરત.

૫. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,ડાંગ–આહવા.

૨/– ૧૦ વધારાની નકલ સહિત નોટીશ બોર્ડ ઉપર પ્રસિધ્ધિ કરવા સારૂં.

૬. જિલ્લા વિકાસ અધિકારીશ્રી,આહવા જિ.ડાંગ.

૭. નાયબ વન સંરક્ષકશ્રી,ઉત્તર / દક્ષિણ વન વિભાગ,ડાંગ – આહવા.

૮. કાર્યપાલક ઇજનેરશ્રી, મા*મ વિભાગ સ્ટેટ, ડાંગ-આહવા.

૯. કાર્યપાલક ઇજનેરશ્રી, મા*મ વિભાગ, જિ.પં. ડાંગ-આહવા.

૧૦. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ,(ફ.ક.) આહવા / વઘઈ /સુબીર જિ.ડાંગ.

<u>નકલ રવાના:-</u>

૧. સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી,આહવા જિ.ડાંગ.

૨. નાયબ પોલીસ અધિક્ષકશ્રી,ડાંગ–આહવા.

૩. ચીફ ઓફીસરશ્રી,નોટીફાઈડ એરીયા,સાપુતારા જિ.ડાંગ.

૪. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આહવા / વઘઈ / સુબીર જિ.ડાંગ.

૫. સર્કલ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, આહવા–ડાંગ .

૬. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી,આહવા / વઘઈ / સાપુતારા / સુબીર જિ.ડાંગ.

<u>નકલ વધારાની પાંચ નકલો સહીત રવાના:-</u>

સહાયક માહિતી નિયામકશ્રી, ડાંગ–આહવા.

૨/– તમામ સ્થાનિક વર્તમાનપત્રમાં વિનામુલ્યે બહોળી પ્રસિધ્ધિ થવા સારૂ.